ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-[redacted], 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 22nd June, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,

.......................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનવા કાર્યક્રમો કરવામાં આવે છે. જે અંતર્ગત વિવિધ દિવસોની ઉજવણી દ્વારા લોક જાગૃતિ લાવવા હેતુ અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

આંતર રાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૧૮ અંતર્ગત યોગ એ ભારતીય સંસ્કૃતિમાં એક અગત્યનું સ્થાન ધરાવે છે. યોગ એ મનુષ્યને શારીરિક અને માનસિક રીતે ખુબ જ મદદકર્તા છે આમ યોગના અનેક ફાયદા ફક્ત ભારત જ નહિ પરંતુ સમગ્ર વિશ્વ સ્વીકારતું થયું છે. જેના ભાગરૂપે તા.૨૧ મી જૂન ને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શ્રી ઠળિયા કેન્દ્રવર્તી શાળા અને શ્રી જ્ઞાનમન્જરી હાઇસ્કુલ, રાળગોન. તા. તળાજા બંને શાળાઓના સહયોગથી ૨૧ મી જુન આંતર રાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૧૮ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિધાર્થીઓએ વજ્રાસન, સવાસન, તાડાસન, ભુજંગાસન, પદ્માસન વગેરે જેવા આસનો કર્યા હતા. આ ઉપરાંત તજજ્ઞશ્રી દ્વારા આ આસનો અને તેનું મહત્વ વિષે માહિતી આપી હતી.

આંતર રાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૧૮ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં બંને શાળાના કુલ ૬૬૦ વિધાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. કર્યક્રમ દરમ્યાન બંને શાળાના આચાર્ય શ્રી તેમજ શિક્ષકો દ્વારા સરાહનીય સહકાર આપવામાં આવેલ. જે બદલ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી સર્વોનો આભાર માને છે.

22-6-18
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.